# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-10-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિળનાડુમાં 13 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુર્હુત કર્યું.

**2)** પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક દેશ બન્યો.

**3)** ગુજરાતમાં કેટલીક સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી અને પેટાચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પૂર્ણ.

**4)** ગુજરાત, મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં શારદીય નવરાત્રી ઉત્સવનો પ્રારંભ.

**5)** ભારતના નિશાનેબાજ ઉદયવીર સિદ્ધુએ ઇજિપ્તમાં ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન, વર્લ્ડ કપ રાઇફલ અને પિસ્તોલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-CHENNAI VISIT - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ચેન્નાઈમાં આઈઆઈટી-મદ્રાસ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં તમિળનાડુમાં 13 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યું. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા, શ્રી મોદીએ કહ્યું કે, આ પહેલો દ્વારા કનેક્ટિવિટીમાં સુધારો થશે, ઉદ્યોગ –વેપાર મજબૂત બનશે અને રાજ્યના યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરાશે. આ પ્રોજેક્ટ્સ દૈનિક મુસાફરીને સરળ બનાવશે અને રાજ્યના આર્થિક વિકાસને ટેકો આપશે.

તમિળનાડુમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓના કાર્યકાળને યાદ કરતાં, શ્રી મોદીએ કહ્યું કે, મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સાથે સહયોગમાં આ યાત્રા ચાલુ રહેશે. પ્રધાનમંત્રીએ સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ કર્યા તેનો પણ ઉલ્લેખ કર્યો. શ્રી મોદીએ તમિળનાડુના મંદિરો, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને મેટ્રો રેલ નેટવર્કનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આપણો વારસો અને ભવિષ્યની મહત્વાકાંક્ષાઓ સાથે સાથે આગળ વધી રહી છે. વધુમાં, પ્રધાનમંત્રીએ રાજ્યના લોકોને નવરાત્રીની શુભેચ્છાઓ પણ પાઠવી.

**(BYTE: PM NARENDRA MODI) – NAVRATRI**

**("आज से नवरात्र के पावन पर्व का शुभारंभ हो रहा है। नवरात्रि का यह पुण्य अवसर और शिव के साथ-साथ शक्ति की पवित्र भूमि तमिलनाडु और इस कार्यक्रम में आने से पहले मुझे जलकंडेश्वर मंदिर में भगवान शिव का आशीर्वाद प्राप्त करने का सौभाग्य भी मिला है। मैं तमिलनाडु की तीर्थ भूमि से सभी देशवासियों को नवरात्रि की हार्दिक शुभकामनाएं देता हूं।")**

આ ઉપરાંત શ્રી મોદીએ સાંજે ચેન્નાઈમાં જયગોપાલ ગરોડિયા હિન્દુ વિદ્યાલયના સુવર્ણ જયંતિ સમારોહમાં સંબોધન કરતાં કહ્યું કે, વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં યુવાનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો મોબાઇલ ફોન ઉત્પાદક દેશ બન્યો હોવાનું પણ શ્રી મોદીએ ઉમેર્યું.

# PM-CHENNAI VISIT - 2

## (BYTE : PM MODI ON EXPORT)

***("आज कंपोनेंट से टेक्नोलॉजी और फिनिश्ड प्रोडक्ट्स का हर राज्य में केंद्र सरकार प्रोडक्ट चेन को मजबूत कर रही है. और इन्हीं कोशिशों का परिणाम है, आज हम दुनिया के सेकंड लार्जेस्ट मोबाइल मैन्युफैक्चरर हैं. 2014 से अब तक हमारे इलेक्ट्रॉनिक्स एक्सपोर्ट 11 टाइम्स बढ़े हैं. हमारे डिफेंस एक्सपोर्ट 50 टाइम्स बढ़े हैं और हमारे इंजीनियरिंग एक्सपोर्ट ने भी नया रिकॉर्ड बनाया है।"***

# LOCAL BODIES ELECTION AND BY ELECTION

ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખેરાલુ, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકા, દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયત, પડધરી, સતલાસણા અને હારીજ તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પૂર્ણ થયું.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગની યાદી મુજબ, સાંજે 6 વાગ્યા સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના 11 વૉર્ડમાં સરેરાશ 55 ટકા મતદાન નોંધાયું છે. જ્યારે બનાસકાંઠાની થરા નગરપાલિકાના છ વૉર્ડ માટે સરેરાશ 79 ટકા અને દેવભૂમિદ્વારકાની ઓખા નગરપાલિકાના નવ વૉર્ડ માટે સરેરાશ 56.44 ટકા મતદાન નોંધાયું.

પેટાચૂંટણી પર નજર કરીએ તો, મહેસાણાની ખેરાલુ નગરપાલિકા માટે 69, છોટાઉદેપુર નગરપાલિકા માટે 61 અને અરવલ્લીની બાયડ નગરપાલિકા માટે 53 ટકા સરેરાશ મતદાન થયું. દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયત માટે સરેરાશ 61 ટકા, રાજકોટની પડધરી તાલુકા પંચાયત માટે સરેરાશ 75 ટકા મતદાન નોંધાયું.

# SEVA ANKALP – ON PADMA PURASKAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે.. આજે અમારી ખાસ શ્રેણીમાં આપ સાંભળશો, પદ્મ પુરસ્કારો માટેની પસંદગી પ્રક્રિયાને વધુ પારદર્શક અને લોકશાહી બનાવવા માટે કેવી રીતે વ્યાપક ફેરફારો કરવામાં આવ્યા...**

(CAPSULE: YASHVI MEHTA)

*(વર્ષ 2014 પછી પદ્મ પુરસ્કારોની પસંદગી પ્રક્રિયામાં વ્યાપક ફેરફાર કરાયા. દેશના આ સર્વોચ્ચ નાગરિક પુરસ્કારને વધુ પારદર્શક અને લોકતાંત્રિક બનાવાયો. હવે દેશના કોઈ પણ નાગરિક કોઈ પણ યોગ્ય વ્યક્તિને નામાંકિત કરી શકે છે. હવે આમાં લોકોની પાસે પોતાને પણ નામાંકિત કરવાની તક છે. તમામ નામાંકન સંપૂર્ણ રીતે ઑનલાઈન માધ્યમથી સ્વીકારવામાં આવે છે. આ વ્યાપક ફેરફારે પદ્મ પુરસ્કારને એક મર્યાદિત પહોંચમાંથી બહાર લાવીને જન-પુરસ્કારમાં ફેરવી દીધો છે અને દૂરના, ગ્રામીણ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના પાયાના સ્તર પર અસાધારણ કામ કરનારા અજ્ઞાત નાયકોને સન્માનિત કરવાનું નવું માપદંડ સ્થાપિત કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મનકી બાત કાર્યક્રમની એક કડીમાં પદ્મ પુરસ્કારોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, હવે આ પીપલ્સ પદ્મ બની ગયા છે.*

*(BYTE: PM NARENDRA MODI)*

*પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત ઉત્તરપ્રદેશનાં પ્રખ્યાત લોકગાયિકા માલિની અવસ્થીએ પદ્મ પુરસ્કારની પ્રક્રિયાને સરળ બનાવવા સરકારના પ્રયાસની પ્રશંસા કરી.*

*(BYTE: MALINI AWASTHI)*

*યશવી મહેતા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# UM GIRIRAJ SINGH SURAT VISIT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે સુરતમાં બિહાર, ઉત્તરપ્રદેશ અને ઝારખંડથી આવીને વસેલા લોકો સાથે મુલાકાત અને સંવાદ કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતા શ્રી સિંહે કહ્યું, પોતાની મહેનત, કળા અને ઉદ્યોગસાહસિકતાથી સુરતની ઔદ્યોગિક પ્રગતિ અને આર્થિક સમૃદ્ધિમાં યોગદાન આપી રહેલા આ તમામ લોકોની ભૂમિકાની પ્રશંસનીય છે. તેમની સાથેની મુલાકાતથી સુરતની વિકાસયાત્રામાં વિવિધ ક્ષેત્રમાં આવેલા લોકોની સંયુક્ત મહેનત અને યોગદાનને નજીકથી સમજવાની તક મળી

# OIL TANKER RESCUE

દુબઈ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતવાસે પુષ્ટિ આપી છે કે, ઓઈલ ટેન્કર MT GEM નંબર 2 ઉપર સવાર તમામ 22 ભારતીય ચાલક દળના સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. રાસ અલ ખૈમાહના દરિયાકાંઠે જહાજમાં આગ લાગવાથી આ ઘટના બની હતી. દૂતાવાસે જણાવ્યું હતું કે, તે UAE અધિકારીઓના સંપર્કમાં છે અને ભારતીય ભારતીય ચાલક દળના સભ્યોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

UAE નેશનલ ગાર્ડ કમાન્ડના કોસ્ટ ગાર્ડે 10 ઓક્ટોબરના રોજ ઓઈલ ટેન્કરમાં આગ લાગવાની માહિતી મળ્યા બાદ 22 એશિયન નાગરિકોને બચાવ્યા હતા.

# RBI-US DOLLAR

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ - ઇન્ડિયન ઓઇલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમની દૈનિક યુએસ ડોલરની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, એક ખાસ સુવિધાની જાહેરાત કરી છે. કેન્દ્રીય બેંકની અખબારી યાદી મુજબ, RBI આ ત્રણ કંપનીઓને તેમની વિદેશી વિનિમય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નિયુક્ત બેંકો દ્વારા અમેરિકાના ડોલર વેચશે.

આ સુવિધા આવતીકાલથી અમલમાં આવશે અને આગામી સૂચના સુધીઅમલમાં રહેશે. આ અંગે કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે, વર્તમાન બજાર પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કર્યા પછી આ નિર્ણય લેવાયો છે.

# MAHARASHTRA – NAVRATRI – FESTIVAL

મહારાષ્ટ્રના કોલ્હાપુર, માહુર અને તુલજાપુરના મુખ્ય મંદિરોમાં નવ દિવસીય શારદીય નવરાત્રી ઉત્સવ આજે ખૂબ જ ઉત્સાહ અને ભક્તિ સાથે શરૂ થયો. કોલ્હાપુરના શ્રી મહાલક્ષ્મી મંદિર, માહુરમાં રેણુકા માતા મંદિર અને તુલજાપુરમાં તુલજાભવાની મંદિરમાં ખાસ પૂજા, પરંપરાગત શોભાયાત્રા અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા..

નાંદેડના શ્રી રેણુકા માતા મંદિરમાં, પરંપરાગત ઘટસ્થાપન સમારોહ બપોરે 12:30 વાગ્યે યોજાયો હતો, ત્યારબાદ અભિષેક અને કુમારિકા પૂજા જેવી ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી.

તુલજાપુરમાં શ્રી તુલજા ભવાની મંદિરમાં નવરાત્રિ ઉત્સવની શરૂઆત કલ્લોલ તીર્થમાંથી પાણી ભરેલા માટીના ઘડા લઈને પરંપરાગત શોભાયાત્રાથી થઈ હતી. મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના યાત્રાળુઓએ આ ઉત્સવમાં ભાગ લીધો હતો.

નાસિક જિલ્લાના નંદુરી ગામમાં વાણી નજીક સ્થિત શ્રી ક્ષેત્ર સપ્તશ્રૃંગી ગઢના 75,000 ભક્તોએ દર્શન કર્યા. પવિત્ર જ્યોત લઈને ભક્તોએ સવારે 4 વાગ્યે નંદુરીથી ટેકરીની ટોચ પર આવેલા મંદિર તરફની યાત્રા શરૂ કરી હતી. સવારે 6 વાગ્યે, દેવીના સોના, ચાંદી અને કિંમતી આભૂષણોની પૂજા કરીને વિશેષ વિધિઓ કરવામાં આવી હતી.

ગુજરાતમાં પણ નવરાત્રી નિમિત્તે સવારથી જ શક્તિપીઠનું અંબાજી, યાત્રાધામ પાવાગઢ સહિતના મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમેટયું.

# SHOOTING-ISSF WORLD CUP

ભારતના ઉદયવીર સિદ્ધુએ આજે ઇજિપ્તના કૈરોમાં ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF), વિશ્વકપ રાઇફલ અને પિસ્તોલમાં પુરુષોની 10-મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. 24 વર્ષના નિશાનેબાજે મેચમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, તેમણે 240.6 પોઇન્ટ મેળવીને જર્મનીના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા ક્રિશ્ચિયન રીટ્ઝને 0.5 પોઇન્ટના નાના માર્જિનથી હરાવ્યા.

16 ઓકટોબર સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં 24 સભ્યોની મજબૂત ભારતીય ટુકડીના અગ્રણી સભ્યોમાં ઓલિમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા સ્વપ્નિલ સુરેશ કુસાલે અને સરબજોત સિંહ શામેલ છે. ભારત 8 વ્યક્તિગત ઓલિમ્પિક શાખાઓ અને 2 મિશ્ર-ટીમ ઇવેન્ટ્સમાં ભાગ લઈ રહ્યું છે, જેમાં અનુભવી ઓલિમ્પિયન અને આશાસ્પદ યુવા નિશાનેબાજનો સમાવેશ થાય છે.